ગૃહમાં રજૂ કર્યા તારીખ:- ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ

# પંદરમી ગુજરાત વિધાનસભા

# આઠમો અહેવાલ

**(પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બીજા, ત્રીજા, પાંચમા અને છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે/નિગમે લીધેલાં પગલાં પરનો સંયુક્ત અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર**

**૨૦૨૬**

## જાહેર સાહસો માટેની સમિતિ

## (૨૦૨૬ – ૨૦૨૭)

**પ્રમુખશ્રી**

શ્રી રમણલાલ વોરા

**સભ્યો**

શ્રી બલવંતસિંહ રાજપુત

શ્રી અમિત શાહ

શ્રી ઇમરાન ખેડાવાલા

શ્રી પ્રકાશભાઇ વરમોરા

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા

શ્રી સંજય કોરડીયા

શ્રી ભગાભાઇ બારડ

શ્રી વિપુલકુમાર પટેલ

શ્રી માનસિંહ ચૌહાણ

ડૉ. કુબેરભાઇ ડીંડોર

શ્રીમતી નિમિષાબેન સુથાર

શ્રી કેયુર રોકડીયા

શ્રી મુકેશભાઇ પટેલ

શ્રી મોહનભાઇ ઢોડિયા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ચેતન પંડ્યા, સચિવ

શ્રીમતી કે. એસ. પંચોલી, નાયબ સચિવ

શ્રીમતી નેહા કે, સુથાર, ઉપસચિવ

શ્રીમતી પ્રવીણા ગામી, સેક્શન અધિકારી

## અહેવાલ

**૧.** હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ, સમિતિ વતી પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**૨.** પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બીજા, ત્રીજા, પાંચમા અને છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો સંબંધમાં સમિતિએ વિભાગ/નિગમ દ્વારા મોકલી આપવામાં આવેલ પગલાં પરના પત્રકોની નીચે દર્શાવેલા જાહેર સાહસોની સામે દર્શાવેલી તારીખોની સમિતિની બેઠકોમાં વિગતવાર તપાસ હાથ ધરી હતી.

| અ. નં. | જાહેર સાહસોનું નામ | તારીખ |
|---|---|---|
| ૧ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ<br>(સમિતિનો બીજો અહેવાલ) | ૧૬–૦૬–૨૦૨૬<br>૦૪–૦૮–૨૦૨૬ |
| ૨ | ગુજરાત મેરીટાઇમ બોર્ડ<br>(સમિતિનો ત્રીજો અહેવાલ) | ૧૬–૦૬–૨૦૨૬ |
| ૩ | ગુજરાત રાજ્ય વખાર નિગમ<br>(સમિતિનો પાંચમો અહેવાલ) | ૦૭–૦૭–૨૦૨૬ |
| ૪ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ<br>(સમિતિનો છઠ્ઠો અહેવાલ) | ૦૭–૦૭–૨૦૨૬ |
| ૫ | ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ<br>(સમિતિનો છઠ્ઠો અહેવાલ) | ૨૧–૦૭–૨૦૨૬ |

**૩.** ઉપર દર્શાવેલ જુદા–જુદા નિગમો અને તેને સંબંધિત વહીવટી વિભાગોના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રૂબરૂમાં ઉક્ત જણાવેલ અહેવાલોમાં કરવામાં આવેલ અવલોકનો/ભલામણો પરના પગલાંના પત્રકોની તપાસ દરમ્યાન ખુલાસાત્મક સ્પષ્ટતાઓ કરી હતી.

આમ, સંલગ્ન વિભાગો દ્વારા સમિતિને મોકલવામાં આવેલ લેખિત પગલાંના પત્રકો અને વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ કરેલ

રજૂઆતોને ધ્યાને લઈને સમિતિ દ્વારા કરવામાં આવેલ અવલોકનો/ભલામણો/નિર્ણયોનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૪.** સમિતિએ તા.૦૯/૦૯/૨૦૨૬ના રોજ મળેલી સમિતિની બેઠકમાં આ અહેવાલના મુસદ્દા ઉપર ચર્ચા–વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

# <u>ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન પ્રભાગ)</u>
## <u>ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ</u>

**૫.** *ભારતના સીએજીના સન ૧૯૯૩-૯૪ થી ૨૦૦૪ સુધીના ઓડિટ અહેવાલ (વાણિજ્યક) સંબંધમાં બારમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પહેલા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો પર સરકાર/વિભાગે લીધેલા પગલા પરના ૧૪મી ગુજરાત વિધાનસભામાં છઠ્ઠા અહેવાલમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન પ્રભાગ) હસ્તકના ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ સંબંધમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ પુન:ભલામણ પર સરકારે લીધેલા પગલાં અંગે તપાસ કરી ૧૫મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના બીજા અહેવાલમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ સંબંધમાં સમિતિ દ્વારા પુન:ભલામણ કરવામાં આવેલ.*

**૬.** સમિતિના ઉક્ત બીજા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણ સંબંધમાં વિભાગે મોકલાવેલ પગલાં પરના પત્રકોની તપાસ તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની સમિતિની બેઠક દરમિયાન હાથ ધરવામાં આવેલ.

**૭.** સમિતિના ઉક્ત બીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ સબંધમાં વિભાગે મોકલાવેલા પગલા પરના પત્રકોનું સાહિત્ય તથા ઉક્ત તારીખ દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસને આધારે સમિતિએ કરેલ શરતી ભલામણનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૮.** સમિતિના ઉક્ત બીજા અહેવાલના ફકરા ક્રમાંક :૫ થી ગાંધીનગર ખાતે આવેલ ગુજરાત ફન વર્લ્ડ લિમિટેડ પ્રોજેક્ટ માટેની જમીનનો કબજો ખાનગી સાહસિકો પાસેથી પાછો મેળવવા એડવોકેટ જનરલશ્રીનો અભિપ્રાય મેળવીને લેન્ડ ગ્રેબીંગ અંતર્ગતના કાયદાથી લઈને આરબીટ્રેશનના જે કોઈ કાનૂની પગલા ભરી શકાય તે રીતે તેમાં આગળ વધીને વિભાગ/ નિગમે લીધેલા પગલાની જાણ કરવાની શરતે સમિતિ ઉક્ત ફકરાનો નિકાલ કર્યો હતો.

**૯.** સમિતિની ઉકત ભલામણ સંબંધમાં વિભાગે મોકલી આપેલ પગલાં પરના પત્રકોમાં જણાવ્યા મુજબ નિગમની ધોળાકુવા ખાતેની મિલકતનો કબજો પરત લેવા તથા રોયલ્ટીની વસૂલાત કરવા નામદાર સીટી સિવિલ અમદાવાદની કોર્ટમાં ૨૦૨૧થી દાવો પડતર હતો તેનો તા.૦૪/૦૩/૨૦૨૩ ના રોજ "The plaints be returned to the plaintiffs for presenting it to the Court of appropriate

territorial jurisdiction under Order VII Rule 10 of the Civil Procedure Code.” મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવેલ તેમજ ઉક્ત ચુકાદાને ધ્યાને રાખીને કોમર્શીયલ કોર્ટ ગાંધીનગર ખાતે દાવો દાખલ કરવાની કામગીરી માટે નિગમ વતી પેનલ પરના એડવોકેટ શ્રી જીત ભટ્ટની તા. ૨૬/૦૭/૨૦૨૩ના રોજ થી નિમણૂક કરવામાં આવેલ. જેમાં નવા કેસ નંબર COMM.CS/24/2024 ની આગામી મુદત તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજની છે અને હાલની સ્થિતિએ કેસ ન્યાય/નિર્ણય અર્થે નામદાર કોર્ટમાં પડતર છે.

**૧૦.** ઉપરાંત ઉક્ત કેસ સંબંધમાં તા.૧૩/૦૩/૨૦૨૪ના રોજ નિગમને કાયદા વિભાગ ના મળેલ અભિપ્રાય મુજબ “ the said corporation has been registered under the companies act and the premises belonging to any company are not covered under the definition of the terms “public premises” as definition under section 2 (f) and therefore, the Act of 1972 would not be applicable to the premises of the Tourism Corporation of Gujarat Limited” આમ, Gujarat public premise (Eviction of unauthorized Occupants) Act,1972 એ નિગમને લાગુ પડતો ન હોય સરકારશ્રી કક્ષાએથી કબજો પરત મેળવવા ની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ.

**૧૧.** વિભાગે મોકલાવેલ ઉક્ત પગલા પરના પત્રકોની તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠકમાં તપાસ દરમિયાન વિભાગ/નિગમના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ દિવાની દાવો કોર્ટ સમક્ષ પડતર હોઈ, સમિતિની ભલામણ મુજબ આ કેસમાં કોમ્પ્રોમાઈઝિંગ અથવા તો આરબીટેશન થઈ નહીં શકે બીજું સમિતિની લેન્ડ ગ્રેબીંગ અન્વયેનો કાયદો લાગુ પાડીને તે સંબંધમાં કાર્યવાહી કરવાની જે ભલામણ હતી તેમાં લીગલ ઓપિનિયનના આધારે નિગમ પબ્લિક પ્રીમાઈસીસ ઈવીકશન ઓફ અનઓથોરાઈઝડ ઓકયુપન્ટસ એક્ટ, ૧૯૭૨ હેઠળ કાર્યવાહી કરીને જમીનનો કબજો પરત મેળવી શકશે નહીં.

**૧૨.** બેઠકમાં સમિતિને વર્ષ ૧૯૯૩-૯૪ના કેસનો સન ૨૦૨૬ના વર્ષમાં પણ ઉકેલ આવતો નહીં જણાતા અને બિન જરુરી વિલંબ જોતા સમિતિએ નારાજગી વ્યક્ત કરી હતી.

**૧૩.** ચર્ચામાં આગળ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતેની કોર્ટમાં દાખલ કરેલ દાવાની આગામી મુદતમાં નિગમ તરફથી નામદાર કોર્ટને આ કેસનો ઝડપથી

નિકાલ આવે તેવી દબાણપૂર્વક ની વિનંતી કરવામાં આવશે તેવી સમિતિને ખાતરી આપી હતી.

**૧૪.** સમિતિએ વિભાગે મોકલી આપેલ પગલાં પરના પત્રકોમાં કોર્ટમાં થયેલ કાર્યવાહીની આપેલ અધૂરી વિગતો સંદર્ભમાં ટકોર કરતા જણાવ્યું હતું કે, કેસ સંબંધે કોર્ટમાં બે–બે મુદતો પડી હોવા છતાં તેમાં થયેલ કાર્યવાહીનો ખુલાસાના સાહિત્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**૧૫.** ચર્ચામાં આગળ સમિતિએ પગલા પરના પત્રકોનો સંદર્ભ ટાંકીને સરકારશ્રીમાં ઉચ્ચકક્ષાએથી થયેલ ચર્ચા મુજબ ગુજરાત પબ્લિક પ્રિમાઈસીસ એક્ટ, ૧૯૭૨ હેઠળ શરત ભંગ કરીને સદર મિલકતનો કબજો સરકાર કક્ષાએથી પરત મેળવવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે તેની પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે ઉચ્ચકક્ષાની સમિતિમાં થયેલ નિર્ણય મુજબ મૂળ જમીન એ માર્ગ અને મકાન વિભાગની હોવાથી વિભાગ જ આમાં સામેવાળાને કાયદાકીય રીતે નોટિસ આપી શકશે અથવા જમીનનો કબજો પણ લઈ શકશે અને તદ્‌અનુસાર માર્ગ અને મકાન વિભાગ કાયદાકીય કાર્યવાહી કરી શકે એ માટે એક ડ્રાફ્ટ નોટ પણ બનાવવામાં આવી છે. સમિતિએ આમ ઉકત બાબત નિગમના પરવ્યુમાં આવતી ન હોય સરકાર કક્ષાએથી નિર્ણય લેવા વિગતો તાત્કાલિક ધોરણે સરકારમાં મોકલી આપવા આદેશ કર્યો હતો .

**૧૬.** સમિતિએ ઉક્ત બાબત સંબંધમાં હવે પછી વિભાગ/નિગમે કરેલ કાર્યવાહીની તેમજ આગામી મુદતમાં કોર્ટમાં થયેલ કાર્યવાહીની વિગતો સાથે ફરી હાજર રહેવાનું જણાવીને ઉક્ત ભલામણ ફકરા ક્રમાંક– ૫ પેન્ડિંગ રાખ્યો હતો.

**૧૭.** ત્યારબાદ સમિતિની તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજની બેઠકમાં કોર્ટમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતા નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, કેસનો ઝડપથી નિકાલ થાય તે અંગેની નિગમની જે પ્રેયર હતી તેને નામદાર કોર્ટે સાંભળી છે અને તેને સકારાત્મક લઈ નામદાર કોર્ટે સામેવાળાના વકીલની અગાઉની મુદતો દરમ્યાન વર્તાતી ગેરહાજરી સંદર્ભમાં ટકોર કરીને સામેવાળાના વકીલને દર મિટિંગમાં હાજર રહેવા સૂચના આપી છે.

**૧૮.** ત્યારબાદ નામદાર કોર્ટ દ્વારા તા.૩૧મી જુલાઈ, ૨૦૨૬ના રોજ એવિડન્સ માટે તારીખ આપવામાં આવેલ પરંતુ ગાંધીનગરમાં વધુ વરસાદને કારણે સિવિલ રોસ્ટર પેન્ડિંગ રાખવામાં આવેલ. ત્યારબાદ આઠમી ઓગસ્ટ પર for filing of affidavit in

examination in chief and affidavit towards admission and denial of defendant documents માટે કેસ મુલતવી રાખેલ છે.

૧૯. **પગલાં પરના પત્રકોની ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિને જણાયું હતું કે, ઉક્ત બાબત ઘણા વર્ષોથી પડતર હોવા છતા તેનો નિકાલ લાવી શકાયો નથી. અગાઉ પણ ઉક્ત બાબત સંબંધમાં ઘણી ચર્ચાઓ અને ભલામણ થઈ ચૂકી હોય તેમજ નામદાર કોર્ટ જે પ્રમાણે મુદ્દત આપી રહી છે તે મુજબ ઉક્ત કેસની કાર્યવાહીમાં વિભાગ તથા નિગમ રસ લઈ રહયા હોય એવું સમિતિને જણાતા, સંતોષ વ્યક્ત કરી કોર્ટમાં થયેલ કાર્યવાહીની ક્રમશઃ વિગતોની તેમજ આગળ ઉપર જે કંઇ આખરી નિર્ણય આવે સમિતિને તેની જાણ કરવાની શરતે સમિતિએ ઉક્ત ભલામણ ફકરો ડ્રોપ કર્યો છે.**

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
## ગુજરાત મેરીટાઇમ બોર્ડ

**૨૦.** *૧૪મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સોળમા અહેવાલમાં બંદરો અને વાહન વ્યવહાર હસ્તકના ગુજરાત મેરીટાઇમ બોર્ડની કામગીરી સંબંધમાં તપાસ કરી સમિતિએ કુલ ચાર ભલામણો કરી હતી જે સંબંધમાં સરકારે/વિભાગે લીધેલ પગલાં પરના ૧૫ મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના ત્રીજા અહેવાલમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડની કામગીરી સંબંધમાં સમિતિ દ્વારા પુન: બે ભલામણો કરવામાં આવેલ.*

**૨૧.** ગુજરાત મેરીટાઇમ બોર્ડની કામગીરી અંગેની સમિતિના ઉક્ત ત્રીજા અહેવાલમાં કરવામા આવેલ ભલામણો સંબંધમાં વિભાગના પગલાં પરના પત્રકોની તપાસ તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠક દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ.

**૨૨.** સમિતિના ઉક્ત ત્રીજા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સબંધમાં વિભાગે મોકલાવેલા પગલા પરના પત્રકોનું સાહિત્ય તથા ઉક્ત તારીખ દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસને આધારે સમિતિએ લીધેલ નિર્ણયનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૨૩.** સમિતિએ પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત ત્રીજા અહેવાલમાં ભલામણ ફકરા ક્રમાંક –૪થી માછીમારી રોજગારીના વિકાસ માટે મત્સ્યોદ્યોગ ખાતાના પરામર્શમાં જાફરાબાદ અને પીપાવાવ ખાતે જેટીના વિસ્તૃતીકરણ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરી હતી.

**૨૪.** તદુપરાંત ઉકત ત્રીજા અહેવાલના ભલામણ ફકરા ક્રમાંક–૫ થી નારગોલ બંદરના વિકાસની યોજનાને સાકાર કરવા આગામી બે વર્ષમાં નારગોલ બંદરને ગુજરાતના પ્રથમ હરોળના બંદરોની યાદીમાં સ્થાન અપાવવા પ્રાથમિકતાના ધોરણે કામગીરી હાથ ધરવા ભલામણ કરી હતી.

**૨૫.** સમિતિની ઉક્ત ભલામણ સંબંધમાં વિભાગ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ મોકલી આપેલ પગલા પરના પત્રકોના સાહિત્યના પરિશિષ્ટ–૧માં ભલામણ ફકરા ક્રમાંક: ૪ માટે જણાવ્યા મુજબ જાફરાબાદ મત્સ્યબંદર ખાતે તાઉ–તે વાવાઝોડાને કારણે માળખાકીય સુવિધાઓને થયેલ નુકસાનના મરામત કામ માટે જાફરાબાદ મત્સ્યબંદર

ખાતે જેટી બનાવવાના ₹ ૩૫.૫ કરોડના અંદાજોને તેમજ મત્સ્યોઉદ્યોગ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા આ કામ કરવા માટે વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૪ના ઠરાવની શરતો અને બોલીઓને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

**૨૬.** સમિતિની તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠકમાં ઉક્ત પગલા પરના પત્રકોની તપાસ દરમિયાન સમિતિના માનનીય પ્રમુખશ્રીએ ઉક્ત સાહિત્યના પરિશિષ્ટ–૧માં દર્શાવેલ કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૧૬/૦૧/૨૦૨૫નો ઠરાવ જેટીઓના વિસ્તૃતીકરણ માટેનો છે કે પછી તાઉ– તે વાવાઝોડાના કારણે થયેલ નુકસાનીની મરામત માટેનો છે તેની સ્પષ્ટતા માગતા કમિશનરશ્રી (મત્સ્યોદ્યોગ કચેરી) એ તેમજ મત્સ્યોદ્યોગ વિભાગના ઉચ્ચ પ્રતિનિધિએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬ માં ૫૦૦ મીટર લંબાઈની જેટી બનાવી હતી એ પછી એક્સપાન્શન કરીને ડિસેમ્બર ૨૦૨૪માં ૫૦૦ મીટરની નવી જેટી બનાવી એના પછી ૨૦૨૫ના ઉક્ત ઠરાવથી ₹૩૫ કરોડના ખર્ચે બીજી ૨૫૦ મીટરની જેટી મંજૂર કરી ત્યારબાદ તા.૨૭/૦૨/૨૦૨૫ના ઠરાવથી ₹૫૬ કરોડના ખર્ચે અન્ય જેટી મંજૂર કરી છે. એટલે કુલ ૪૫૦ મીટરની નવી જેટીની મંજૂરી આપેલ છે અને જાફરાબાદ બંદર નો વિકાસ કર્યો છે. હા, એટલું ખરું કે નવી જેટી માટેની રકમ મરામત હેડે વાપરેલ છે. આ સંબંધમાં સમિતિએ જે હેતુ માટે નિગમે નાણાકીય જોગવાઇ મંજૂર કરાવી હોય એ હેતુસર જ રકમ વાપરવી જોઈએ એ અંગેની વિભાગને ટકોર કરી હતી. સમિતિની ભલામણ સંબંધમાં વિભાગ/ નિગમે યોગ્ય પગલા લીધા હોઇ, સમિતિએ સંતોષ વ્યક્ત કરી ઉકત ભલામણ ડ્રોપ કરી હતી.

**૨૭.** સમિતિની પીપાવાવ ખાતેની ભલામણ સંદર્ભમાં ઉક્ત પગલા પરના પત્રકોમાં જણાવ્યા મુજબ પીપાવાવ ખાતે કોમર્શિયલ જેટી જાહેર કરેલ હોય સદર જગ્યાએ માછીમારી હાથ ધરવામાં આવતી નથી અને ઉક્ત બંદર ખાતે એક પણ યાંત્રિક/ બિન યાંત્રિક માછીમારી બોટોની નોંધણી થયેલ નથી.

**૨૮.** સમિતિની તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠકમાં પીપાવાવ ખાતેની ભલામણ સંદર્ભમાં બંદરો પ્રભાગના ઉચ્ચ પ્રતિનિધિ એ જણાવ્યું હતું કે પીપાવાવ ખાતે મોટા જહાજો આવતા હોય ત્યાં કોમર્શિયલ જેટી આવેલી છે એટલે પીપાવાવ ખાતે બિનયાંત્રિક માછીમારી માટે કોઈ બોટો નોંધાયેલી નથી.

**૨૯.** બંદર પ્રભાગના ઉચ્ચ પ્રતિનિધિએ પીપાવાવ મોટું અને કોમર્શિયલ બંદર હોઇ, પીપાવાવ ખાતે માછીમારી થઈ શકવાની શક્યતાને નકારીને તે મુજબનો સ્પષ્ટ અભિપ્રાય આપતા

સમિતિએ બોર્ડ અને વિભાગની સમિતિ સમક્ષની રજૂઆતને ગ્રાહ્ય રાખી ઉકત ભલામણ ડ્રોપ કરી છે.

**૩૦.** સમિતિની નારગોલ બંદરના વિકાસ અંગેના ભલામણ ફકરા ક્રમાંક : ૫ સંદર્ભમાં પગલા પરના પત્રકોમાં જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતના વિકાસને અગ્રેસર બનાવવાની દિશામાં નારગોલની આસપાસના વિસ્તારમાં આધુનિક બંદર વિકસાવવા જરૂરી અભ્યાસો હાથ ધરવામાં આવેલ છે.

**૩૧.** સમિતિની ઉક્ત તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજની બેઠકમાં સમિતિએ નારગોલ બંદરના વિકાસ અંગેની ભલામણ સંદર્ભમાં થયેલ કામગીરી અંગે પૃચ્છા કરતા બંદર પ્રભાગના ઉચ્ચ પ્રતિનિધિએ રાજ્ય સરકાર અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ તરફથી આ સંદર્ભમાં કામગીરી થઈ રહી છે અને તેનો અભ્યાસ તેમજ માસ્ટર પ્લાન પણ બની ગયો છે એટલે કે કામગીરી પ્રગતિમાં છે તેમ જણાવ્યું હતુ. પગલા પરના પત્રકોની ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિની ભલામણ અન્વયે સરકાર/મેરીટાઈમ બોર્ડના પ્રયાસો/કામગીરી પ્રગતિમાં હોઇ, સમિતિ સંતોષ વ્યક્ત કરી ઉકત ભલામણ પણ ડ્રોપ કરે છે.

# <u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u>

## <u>(સહકાર પ્રભાગ)</u>

## <u>ગુજરાત રાજ્ય વખાર નિગમ</u>

**૩૨.** *૧૪મી ગુજરાત વિધાનસભાના નવમા અહેવાલમાં ભારતના સી.એ.જી.ના સન ૨૦૧૪-૧૫ ના ઓડિટ અહેવાલ (વાણિજ્યક) સંબંધમાં કરવામાં આવેલ ભલમણો ઉપર સરકારે લીધેલા પગલાની તપાસ બાદ ૧૫મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પાંચમા અહેવાલમાં કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય વખાર નિગમ સંબંધમાં સમિતિ દ્વારા પુન: ભલામણ કરવામાં આવેલ.*

**૩૩.** સમિતિના ઉક્ત પાંચમા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણ સંબંધમાં વિભાગે મોકલાવેલા પગલાં પરના પત્રકોની તપાસ તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજની બેઠક દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ.

**૩૪.** સમિતિના ઉક્ત પાંચમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ સબંધમાં વિભાગે મોકલાવેલા પગલા પરના પત્રકોનું સાહિત્ય તથા ઉક્ત તારીખ દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસને આધારે સમિતિએ લીધેલ નિર્ણયનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૩૫.** પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત પાંચમા અહેવાલમાં ભલામણ ફકરા ક્રમાંક: ૨૪થી ગોડાઉન બાંધકામની કામગીરીથી લઈને અન્ય કામગીરીઓમાં કોઈ વિક્ષેપ ના પડે તથા ખેડૂતો અને આમ જનતાના હિતમાં નિગમની કામગીરીઓ સાતત્યપૂર્ણ ચાલતી રહે એ માટે નિગમમાં કાયમી સ્ટાફની ભરતી કરવા તેમજ ગોડાઉનના બાંધકામ થી લઈને તેના નિભાવ-નવીનીકરણ અર્થે કેન્દ્ર/રાજ્ય સરકારો પાસેથી જરૂરી નાણાકીય સહાય મેળવવાની બાબતને પ્રાથમિકતા/અગત્યતા આપીને તે દિશામાં નક્કર પગલાં લેવા સમિતિએ ભલામણ કરી હતી.

**૩૬.** સમિતિની ઉકત ભલામણ સંબંધમાં વિભાગ દ્વારા તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ મોકલી આપેલ સાહિત્યમાં જણાવ્યા મુજબ નિગમને વર્ષ ૨૦૧૪થી સરકાર દ્વારા કોઈ જ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી નથી. ભારત સરકારની 'નાફેડ' સંસ્થા દ્વારા સ્ટોરેજ ચાર્જીસ આપવામાં આવે છે. આ સ્ટોરેજ ચાર્જીસ અને નિગમના સ્વભંડોળમાંથી નિગમ તેના વહીવટી ખર્ચાથી લઈને ગોડાઉનના બાંધકામ અને રીપેરીંગ વગેરેની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. નિગમે પડતર - ખરાબાની જમીન ખરીદીને ૫૨૮ જેટલા ગોડાઉનના બાંધકામ

કરેલ છે. નિગમે ખરીદેલ જમીનમાં જિલ્લા મૂલ્યાંકન સમિતિએ નક્કી કરેલ જંત્રી ભાવ મુજબના નાણા ચૂકવવા માટે સહાય મેળવવા નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં ₹૫૦ કરોડની સરકાર પાસેથી માગેલ સહાયનો સરકાર દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ.

**૩૭.** આ ઉપરાંત કાયમી સ્ટાફની ભરતી કરવા અંગેની ભલામણ સંબંધમાં પગલાં પરના પત્રકોના સાહિત્યમાં જણાવ્યા મુજબ નિગમમાં નાણાકીય મુશ્કેલીઓના કારણે કાયમી નિમણૂક ન થવાથી જગ્યાઓ ખાલી રહેવા પામેલ તેમજ નાણા વિભાગે ઉકત ખાલી રહેવા પામેલ ૧૪૪ જગ્યાઓ રદ કરવાની શરતે છઠ્ઠા પગારપંચનો અમલ કરવાની મંજૂરી આપેલ એટલે નિગમના કુલ ૨૭૧ મંજૂર મહેકમની જગ્યાઓ પૈકી ૧૪૪ જગ્યાઓ રદ કરવાથી નિગમની કામગીરીની ક્ષમતામાં પડતી મુશ્કેલીઓ સંદર્ભે સરકારમાં જણાવવા છતાં ઉક્ત જગ્યાઓ પુનર્જીવિત કરવામાં આવેલ નહીં અને ઉક્ત જગ્યાઓ રદ થતા હાલ નિગમમાં ૨૩ સંવર્ગ સાથેનુ ૧૨૭ જગ્યાઓનું મંજૂર મહેકમ રહ્યું છે. ઉકત ૨૩ સંવર્ગ પૈકી ૨૨ સંવર્ગના નવા ભરતી/બઢતી નિયમો તૈયાર કરી સરકારશ્રીમાં દરખાસ્ત મોકલી આપવામાં આવેલ છે તે દરમિયાન નિગમ ૩૦૪ જેટલા આઉટસોર્સિંગ કર્મચારીઓ દ્વારા પોતાની કામગીરી કરી રહ્યું છે.

**૩૮.** આ સાથે સાહિત્યમાં દર્શાવેલ નિગમના નાણાકીય પર્ફોમન્સ અંગેના આંકડાઓ તપાસતા, નિગમનું વર્ષ ૨૦૧૭–૧૮થી વાર્ષિક નાણાકીય અહેવાલોનુ માત્ર પ્રોવિઝનલ ઓડિટ થયેલ હતું ઉપરાંત નિગમ પોતાની આવક સામે સારો એવો ટેક્સ પણ ભરી રહેલ છે.આમ, નિગમના વર્ષ ૨૦૧૭–૧૮થી વાર્ષિક નાણાકીય અહેવાલોનું ઓડિટ કરવાનું બાકી હતું. સમિતિએ આ તબક્કે સાહિત્યમાં આપેલ નિગમના નાણાકીય પેર્ફોર્મન્સમાં છેલ્લાં બે વર્ષની બાકી રહેતી માહિતી તેમજ ક્યા જિલ્લામાં નિગમના કેટલા ગોડાઉન છે તેની માહિતી સમિતિને મોકલી આપવા જણાવેલ જે પાછળથી વિભાગના તા.૧૩/૦૮/૨૦૨૬ના પત્રથી મોકલી આપવામાં આવેલ. (જુઓ સામેલ **પરિશિષ્ટ – ૧** અને **પરિશિષ્ટ – ૨**).

**૩૯.** સમિતિની તા. ૭/ ૭/ ૨૦૨૬ના રોજની બેઠક દરમિયાન ઉકત પગલા પરના પત્રકોની તપાસ દરમિયાન સમિતિએ વિભાગ/ નિગમના પ્રતિનિધિઓને નિગમના નફાની સામે નિગમ દ્વારા ભરવામાં આવતા ટેક્સ સંબંધમાં ટકોર જણાવ્યું હતું કે નિગમે ટેક્સની રકમમાં ઘટાડો કરવા નફાનો ઉપયોગ નવા ગોડાઉન માટે કર્યો હોત તો સરકાર પાસેથી ગ્રાન્ટની માગણી કરવા પર રોક લગાવી શક્યું હોત. આમ, મોટી એવી રકમ ઈન્કમટેક્સમાં આપી દઈને સરકાર પાસેથી ગ્રાન્ટની માગણી કરવી સમિતિને યોગ્ય

જણાયેલ નથી. નિગમ એક બાજુ નફો કરીને ઇન્કમટેક્સ ભરી રહ્યું છે તો બીજી બાજુ સરકાર પાસેથી ગોડાઉન સંબંધે ગ્રાન્ટની માગણી કરી રહ્યું છે આ બંન્ને બાબતો સમિતિને એક બીજાથી તદ્દન વિરુદ્ધ છે.

**૪૦.** સમિતિએ ગોડાઉન અંગેની જમીનના પ્રીમિયમ સંબંધે પૃચ્છા કરતા નિગમના મેનેજરશ્રી (સ્ટૉરેજ)એ જણાવ્યું હતું કે, જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા જે જંત્રી દર નક્કી થાય તેના ૮%ના વ્યાજ સાથે પ્રીમીયમ ભરવાનું હોય છે. ઓડિટ કચેરીના પ્રતિનિધિએ જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા જમીનના રેટ/મૂલ્યાંકનમાં વધારો સૂચવ્યા બાદ તેના ચૂકવણાની જવાબદારી સંબંધમાં પૃચ્છા કરતા નિગમના મેનેજરશ્રી એ ચૂકવણું નિગમ દ્વારા કરવામાં આવે છે તેમ જણાવેલ. તેની સામે ઓડિટ પ્રતિનિધિએ તો પછી નિગમ દ્વારા સરકાર પાસેથી રકમની માગણી કેમ કરવામાં આવી રહી છે? તે અંગે ટિપ્પણી કરી હતી.

**૪૧.** ચર્ચામાં આગળ સમિતિએ સરકારી જમીન પર નિગમના ગોડાઉનોની સંખ્યા સંબંધમાં પૃચ્છા કરતા, નિગમના મેનેજરશ્રી એ વર્ષ ૨૦૨૦-૨૧માં નિગમના ૨૧૯ ગોડાઉન અને ૪૧ જગ્યા પર ગોડાઉન કેમ્પસ જંત્રીથી ખરીદેલ ખરાબાની જમીન પર હોવાનુ જણાવ્યું હતુ. સમિતિએ નિગમની પોતાની માલિકીના વેરહાઉસ સંબંધમાં સ્પષ્ટતા માગતા, નિગમના મેનેજર શ્રી એ ૭૭૮ વેરહાઉસ નિગમના પોતાના છે જ્યારે ૬૦૦ જેટલા વેરહાઉસ ભાડેથી રાખતા હોવાનુ જણાવ્યું હતું. નિગમના મેનેજરશ્રી એ ઘણા કિસ્સાઓમાં જમીનનું મૂલ્યાંકન પાછળથી વધારે આવતુ હોય છે, એટલે કે ૨૦૦% થી લઈને ૩૦૦%થી વધુ રકમ ભરવાના કિસ્સા હોવાનુ જણાવતા, સમિતિને નિગમ સરકાર હેઠળ, સરકાર માટે જ કામ કરતું હોઇ, આવી જમીનનું મૂલ્યાંકન ઓછું આવે તે મુજબની કાર્યવાહી કરવાની આવશ્યકતા જણાઇ હતી.

**૪૨.** આગળ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતુ કે, વિભાગને/વિભાગના નામે ફ્રી ઓફ કોસ્ટ/૧ ₹ના ટોકન દરે જમીન આપવામાં આવે છે અને બોર્ડ/નિગમ/કોર્પોરેશન એ જમીનનો ઉપયોગ પણ કરે જ છે એટલે એ રીતે જમીન મેળવે તો નિગમને કોઇ રકમ ચૂકવવાની જરુર પડશે નહિ. આ વખાર નિગમનો નિર્ણય છે કે એમને સરકારી જમીન ખરીદવી છે. આમ જો નિગમે પોતાની જમીન ખરીદીને પોતાની મિલકત વસાવવી હોય તો સરકાર આમાં કોઇ રકમ/ગ્રાંટ આપી શકશે નહીં.

**૪૩.** ઉક્ત પગલા પરના પત્રકોની તપાસ માટેની ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિને નિગમે ભાડેથી રાખવા પડતા ગોડાઉનની સંખ્યામાં ઘટાડો કરી નવા ગોડાઉનની સંખ્યામાં

વધારો કરવો તદ્દન જરુરી જણાય છે પરંતુ સાથોસાથ નિગમ દ્વારા ટેક્સની વધુ રકમમાં ચૂકવણી કર્યા બાદ સરકાર પાસેથી ગોડાઉન તેમજ અન્ય વહીવટી ખર્ચાઓને પહોંચી વળવા ગ્રાન્ટની માગણી કરવી તદ્દન અયોગ્ય જણાયુ છે. આથી, નિગમે તેના નફાની મહત્તમ રકમનો ઉપયોગ નવા ગોડાઉનના બાંધકામથી લઈને તેના આવશ્યક વહીવટી ખર્ચાઓમાં કરી ટેક્સની રકમમાં ઘટાડો થાય તે મુજબનું સુવ્યવસ્થિત આયોજન કરવા સમિતિ સૂચન કરે છે તેમજ નિગમે ૨૨ સંવર્ગ માટેના નવા ભરતી/બઢતી નિયમો તૈયાર કરી દરખાસ્ત સરકારમાં મોકલી આપી હોઈ તે અંગે સમિતિ સંતોષ વ્યક્ત કરી ઉક્ત ભલામણ ફકરો ડ્રોપ કરે છે.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ
## ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ

**૪૪.** *૧૪મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના ઓગણીસમા અહેવાલમાં ભારતના સી.એ.જી.ના ૩૧મી માર્ચ ૨૦૧૬ ના રોજ પૂરા થતા વર્ષ માટેના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અંગેના અહેવાલ સંબંધમાં કરવામાં આવેલ ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાની તપાસ બાદ ૧૫મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા અહેવાલમાં કુટિર પ્રભાગ હસ્તકના ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ સંબંધમાં સમિતિ દ્વારા પુન: ભલામણ કરવામાં આવેલ.*

**૪૫.** ઉકત બે જાહેર સાહસોની સમિતિના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણ સંબંધમાં વિભાગે મોકલાવેલાં પગલાં પરના પત્રકોની તપાસ અનુક્રમે તા.૨૧/૦૭/૨૦૨૬ તથા તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજની સમિતિની બેઠકો દરમિયાન હાથ ધરવામાં આવેલ.

**૪૬.** સમિતિના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો સબંધમાં વિભાગે મોકલાવેલા પગલા પરના પત્રકોનું સાહિત્ય તથા ઉક્ત  બે તારીખો દરમિયાન સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસને આધારે સમિતિએ લીધેલ નિર્ણય/કરેલ ભલામણનો હવે પછીના ફકરાઓમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**૪૭.** પંદરમી ગુજરાત વિધાનસભાના ઉક્ત છઠ્ઠા અહેવાલના ફકરા ક્રમાંક:૧૧થી સમિતિએ નિગમે નાણાકીય હિતને ગણતરીમાં રાખી બાકી લેણાં વસૂલવા માટે વન ટાઇમ સેટલમેન્ટ (OTS) યોજના ફરી દાખલ કરવા માટે આ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ એટલે કે નિગમના બોર્ડમાં મંજૂરી મેળવ્યા બાદ સરકારમાં આ અંગેની મંજૂરી મેળવી સમિતિને ત્રણ માસમાં તેની જાણ કરવાની શરતે સમિતિએ પેરા ડ્રોપ કર્યો હતો. ઉપરાંત નિગમે સરકારને ચૂકવણી કરવાના કિસ્સામાં પણ સરકાર દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ કરવા સમિતિ જણાવ્યું હતું.

**૪૮.** ઉક્ત વન ટાઇમ સેટલમેન્ટ (OTS) ફરી દાખલ કરવા અંગેની ભલામણ સંબંધમાં વિભાગે તા.૨૪/૦૪/૨૦૨૬ના રોજ મોકલાવેલ પગલાં પરના પત્રકોમાં જણાવ્યા મુજબ નિગમે વન ટાઇમ સેટલમેન્ટ સ્કીમ ફરીથી રજૂ કરવા માટેની બાબત તા.૧૩/૦૮ ૨૦૨૫ના રોજ બોર્ડ મીટીંગ સમક્ષ મુકવામાં આવેલ.

**૪૯.** બોર્ડનો ઠરાવ નીચે મુજબ છે:

"RESOLVED SUBJECT TO APPROVAL OF STATE GOVERNMENT THAT approval be and hereby accorded to re-introduce One Time Settlement Scheme for Term loan disbursed up to Rs.15.00 lakh as implemented vide Circular No. GSFC/REC.Co.Ord/1033 dated 04.09.2017 and amended from time to time and another One Time Settlement Scheme for Term loans disbursed above Rs.15.00 lakh introduced vide Circular No. GSFC/Co.Ordination/REC/47 dated 10.02.2010 and amended from time to time and the terms and conditions shall remain intact.

FURTHER RESOLVED THAT both the said two OTS Schemes shall be valid from the date of approval of the Schemes by Government of Gujarat till March 31, 2027."

**૫૦.** બેઠકમાં વિભાગ/નિગમે જણાવ્યા મુજબ ઉક્ત બાબત નાણા વિભાગ/સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**૫૧.** નિગમે સરકારને ચૂકવણી કરવાના કિસ્સાની ભલામણ સંબંધમાં ઉક્ત પગલાં પરના પત્રકોમાં જણાવ્યા મુજબ તા.૦૩/૧૦/૨૦૧૨ની બોર્ડની બેઠકમાં ગુજરાત સરકારને ₹ ૬૨૧.૩૭ લાખની સરકારી લોન પરના વ્યાજને માફ કરવાનો નિર્ણય લેવામાં આવેલ જે અંગેની દરખાસ્ત નાણાં વિભાગ/સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**૫૨.** સમિતિની તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજની બેઠક દરમિયાન ઉક્ત પગલા પરના પત્રકોની તપાસ દરમિયાન વિભાગ/નિગમના પ્રતિનિધિના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૪ સુધી ૮ ટકા લેખે વ્યાજ સાથેની વન ટાઈમ સેટલમેન્ટની યોજના ચાલુ હતી. હાલ આ યોજના બંધ હોઇ તેને ફરીથી લાવવા માટે સરકારમાં દરખાસ્ત કરી છે. તદુપરાંત નિગમે વર્ષ ૨૦૦૧ પછી ધિરાણ આપવાનુ બંધ કરેલ છે.

**૫૩.** આ સંદર્ભમાં સમિતિએ જણાવ્યું હતું કે, ઓ.ટી.એસ. યોજના ફરીથી ચાલુ કરવા માટેની સમિતિની ભલામણ સપ્ટેમ્બર ૨૦૨૫ના ઉક્ત છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવી હતી અને ત્યારબાદ એપ્રિલ ૨૦૨૬માં ઉક્ત ભલામણ સંબંધમાં સમિતિને મળેલ પગલાં

પરના પત્રકો અને ત્યારબાદ તેની તપાસ સંદર્ભમાં જુલાઈ – ૨૦૨૬માં યોજેલ સમિતિની ઉક્ત બેઠક સુધી ઓ. ટી. એસ. યોજના શરૂ કરવા સંબંધે હજી પણ નિર્ણય થયો નથી.

**૫૪.** તપાસમાં સમિતિએ કુલ બાકી મુદ્દલ અને વ્યાજની રકમ તેમજ જેમની પાસેથી આ રકમની વસૂલાત કરવાની છે તે એકમોની માહિતી માગતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આવા કુલ ૯૭૪૬ એકમો પૈકીના મોટાભાગના એકમો બંધ હાલતમાં તો અમુકમાં કોર્ટ કેસ ચાલુ છે અને આમ આ કેસો બહુ જુના છે. આ એકમો પાસેથી મુદ્દલ પેટે ₹૩૯૭ કરોડ અને ₹૨૭૦૦ કરોડ જેટલી વ્યાજની વસૂલાત કરવાની બાકી છે. આ માટે નાણા વિભાગને વ્યાજની રકમ માફ કરી, ઓ. ટી. એસ. યોજના ફરી ચાલુ કરવા દરખાસ્ત મોકલેલી છે. ઓ. ટી. એસ. યોજના ફરી લાવવાથી દર વર્ષે ૧૦ થી ૧૫ કેસો આવતા થશે તેવુ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું. હાલ નિગમ પાસે વસૂલાત માટે કોઈ પોલિસી ના હોઇ વસૂલાતની કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. નિગમે ઓ. ટી. એસ. યોજના અન્વયે વર્ષ ૨૦૧૨– ૧૩માં ₹૩૪ કરોડ અને વર્ષ ૨૦૧૩–૧૪માં ₹૨૨ કરોડની સંબંધિત એકમો પાસેથી વસૂલાત કરેલ જે તે પછીના વર્ષોમાં ₹૬થી૮ કરોડ વચ્ચેની રહી છે. સમિતિને આ તબક્કે એકમો પાસેથી બાકી રકમ વસૂલવા ઓ. ટી. એસ. યોજના જાહેર કરવાની/ફરી લાવવાની તાતી જરુરિયાત જણાઇ હતી તે સાથે નિગમને હાલની નબળી આર્થિક સ્થિતિમાંથી બહાર લાવીને પુનર્જિવિત/મજબૂત કરવા નવી રિવાઇલ પોલીસી તૈયાર કરવાની પણ અગત્યતા જણાઈ હતી.

**૫૫.** **<u>ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિ નિગમમાં ઓ.ટી.એસ. યોજના થકી બાકી વસૂલાતને ક્રમશ: પૂર્ણ શકાય તેમ હોઈ, ઓ.ટી.એસ. યોજના અંગે ત્રણ માસમાં નિર્ણય કરવા તથા વિભાગ/સરકાર દ્વારા કરવામાં આવેલ નિર્ણયની સમિતિને જાણ કરવા સમિતિ પુન: ભલામણ કરે છે.</u>**

# ઉદ્યોગ અને ખાણ વિભાગ

## (કુટિર ઉદ્યોગ પ્રભાગ)

## ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ

**૫૬.** પંદરમી ગુજરાત વિધાનસભાના ઉક્ત છઠ્ઠા અહેવાલના ફકરા ક્રમાંક: ૭થી હસ્તકલાકારીગીરીના કારીગરોના આર્થિક ઉત્થાન માટે રાજ્યમાં તથા રાજ્ય બહાર પ્રદર્શનો થકી હસ્તકલાકારીગીરીની પ્રોડક્ટનું વેચાણ વધારવાની સાથે સાથે ધાર્મિક/પ્રવાસન સ્થળો કે જ્યાં આમ જનતાની આવન જાવન વધુ હોય તેવા સ્થળો પર નિગમના કાયમી શોરૂમ/સ્ટોર્સ શરૂ કરીને બારેમાસ કારીગરોની પ્રોડક્ટનું વેચાણ ચાલુ રહે તેવું આયોજન કરવા સમિતિએ ભલામણ કરી હતી.

**૫૭.** આ ઉપરાંત ભલામણ ફકરા ક્રમાંક : ૮થી કારીગરો દ્વારા તૈયાર થયેલ હસ્તકલાકારીગીરીની વસ્તુઓનું નિગમ તેમજ નિગમ સાથે ટાઈ અપ થયેલ સંસ્થાઓ દ્વારા વધુ વેચાણ કરીને તેમને આર્થિક રીતે મદદરૂપ થવા તથા કારીગરોનું અપગ્રેડેશન કરતી વધુ તાલીમોનુ આયોજન કરીને નિગમના ફંડનો ગુણવત્તા સભર ઉપયોગ કરવા સમિતિએ ભલામણ કરી હતી.

**૫૮.** સમિતિની ઉકત ભલામણો સંબંધમાં તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ વિભાગ દ્વારા સમિતિને મોકલાવેલ પગલા પરના પત્રકોમાં ભલામણ ફકરા ક્રમાંક: ૭ના સંબંધમાં જણાવ્યા મુજબ નિગમના તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો મારફત વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન અનુક્રમે ₹૧૯.૦૮ કરોડ અને ₹૧૬.00 કરોડના સ્વદેશી હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓની સીધી ખરીદીના ઓર્ડર કારીગરોને આપવામાં આવેલ તેમજ નિગમના રાજ્ય તથા અન્ય રાજ્યોમાં સ્થિત કુલ ૨૨ એમ્પોરિયમો થકી નિગમ દ્વારા કારીગરો પાસેથી ખરીદ કરેલ હાથશાળ અને હસ્તકલાની વસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

**૫૯.** આ ઉપરાંત દેશભરમાં વિવિધ સ્થળોએ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન એમપોરીયમો તથા ૯૨ જેટલા પ્રદર્શનો થકી ₹૩૨.૦૯ કરોડનું અને વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન અંદાજે ₹૩૭.૬૪ કરોડની હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ.

**૬૦.** ધાર્મિક/પ્રવાસન સ્થળો પર નિગમના કાયમી શોરૂમ શરૂ કરવાની ભલામણ સંબંધમાં ઉક્ત પગલાં પરના પત્રકોમાં જણાવ્યા મુજબ નિગમના સતત પ્રયાસોથી હાલ દ્વારકા

અને સાળંગપુર ખાતે ભવ્ય શોરૂમ કાર્યરત છે તેમજ ધાર્મિક/પ્રવાસન સ્થળોએ ગરવી–ગુર્જરીના સ્ટોલ રાખી પ્રદર્શન સહ વેચાણની કામગીરી કરવામાં આવે છે.

**૬૧.** ભલામણ ફકરા ક્રમાંક: ૮ના સંબંધમાં પગલા પરના પત્રકોમાં જણાવ્યા મુજબ નિગમ વર્ષ દરમિયાન રાજ્યના હાથશાળ હસ્તકલાના કારીગરો પાસેથી ચીજ વસ્તુઓની પોષણક્ષમ ભાવે સીધી ખરીદી કરી રાજ્ય તથા રાજ્ય બહાર આવેલા ૨૨ એમ્પોરિયમ થકી આવી ચીજ વસ્તુઓનું વેચાણ કરે છે સાથોસાથ દેશભરમાં વિવિધ સ્થળોએ પ્રદર્શન મેળાઓનુ આયોજન કરી તેમાં ગુજરાતના કારીગરો પોતાની હસ્તકલાની વસ્તુઓનું સીધું વેચાણ પણ કરી શકે છે અને આમ કારીગરોને બજાર પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬ દરમ્યાન હાથશાળ અને હસ્તકલાના કુલ ૨૦ – ૨૦ તાલીમ વર્ગોનું આયોજન કરીને ૫૦૦ કારીગરોને તાલીમ આપવામાં આવેલ.

**૬૨.** ઉક્ત પગલા પરના પત્રકોની તા.૨૧/૦૭/૨૦૨૬ના રોજ ની બેઠક દરમિયાન તપાસ હાથ ધરતી વખતે વિભાગ/નિગમના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ એક્ઝિબિશન તથા એમ્પોરિયમ થકી વર્ષ ૨૦૨૩–૨૪ થી લઈને ૨૦૨૫–૨૬ દરમ્યાન નિગમની હસ્તકલાકારીગીરીની વસ્તુઓનું વેચાણ **₹**૨૫ કરોડથી વધીને **₹**૪૩ કરોડ સુધી પહોંચ્યું છે.

**૬૩.** આગળ તેઓના જણાવ્યા અનુસાર સમિતિની જે ટુરીઝમની સાથે મળીને વસ્તુઓનું વેચાણ વધારવાની ભલામણ હતી તેમાં નિગમ ઈન્ડેક્સ– સી, ગરવી, તથા ભારત સરકારની ઘણી સંસ્થાઓ વગેરેને પોતાની વસ્તુઓનું વેચાણ કરે છે. ખાસ કરીને કલકત્તામાં ઘણા એક્ઝિબિશનો કરીને ચીજવસ્તુઓનુ સારું એવું વેચાણ થાય છે એટલે એક્ઝિબિશનો થકી વેચાણમાં આર્ટીજન્સને સારો એવો ફાયદો થાય છે તેમ જણાય છે.

**૬૪.** સમિતિએ એક્ઝિબિશનની સાથોસાથ રાજ્યના પવિત્ર યાત્રાધામો જેવા કે અંબાજી, સોમનાથ, પાવાગઢ, પાલીતાણા અને જુનાગઢ કે જે ટુરિસ્ટ પોઈન્ટ પણ બન્યા છે આવા સ્થળોએ જો પરમેનેન્ટ એટલેકે આખા વર્ષ દરમિયાન હસ્તકલાની ચીજ વસ્તુઓના વેચાણ માટે નિગમ આયોજન કરે તો કારીગરોને વધુ આર્થિક ફાયદો/ લાભ મળી શકશે એવી ઊંડી લાગણી  વ્યક્ત કરી હતી.

**૬૫.** તપાસ દરમિયાન સમિતિ દ્વારા આર્ટીજનો પાસેથી કરવામાં આવતી હસ્તકલાની વસ્તુઓની ખરીદી સંબંધમાં પૃચ્છા કરતા બેઠકમાં હાજર વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આર્ટીજનો પાસેથી સીધી ખરીદી તેમજ તેમને તાલીમ

આપીને તેમજ વર્કશોપ કરીને ઓર્ડર આપીને પણ તેમની પાસેથી વસ્તુઓ ખરીદવામાં આવે છે તેમજ પાંચ દિવસના વર્કશોપ અને બાંધણી, બીડ વર્ક, પેચ વર્ક, એપ્લિક વર્ક, બ્લોક પ્રિન્ટ વગેરે માટેની ૬૦ દિવસની રહેવા જમવાની વ્યવસ્થા સાથેની ₹૯૦૦૦ નું સ્ટાઈપેન્ડ આપીને તાલીમ આપવામાં આવે છે.

**૬૬.** સમિતિને ચર્ચા દરમ્યાન માત્ર ૫૦૦ લાભાર્થીઓને તાલીમ અપાતી હોવાનુ ધ્યાને આવતા, સમિતિને ઉક્ત આંકડો જાણીને આઘાત લાગ્યો હતો પરંતુ વિભાગના પ્રતિનિધિએ ઉક્ત આંકડાને સુધારતા આશરે ૭૦૦૦ તાલીમાર્થીઓને માટીકામ અને રૂરલ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ મારફત તાલીમ આપવામાં આવતી હોવાનુ જણાવ્યું હતું. આગળ નિગમના પ્રતિનિધિએ તાલીમ આપવા માટે ૧૫૦ જેટલી નોન ગવર્મેનન્ટ સંસ્થાઓ જોડાયેલી છે તે પૈકી ૨૫ સંસ્થાઓ પાસેથી તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે પ્રપોઝલ મંગાવવામાં આવેલ હોવાનું જણાવ્યું હતું.

**૬૭.** સમિતિએ તાલીમ આપનાર એન. જી. ઓ સંદર્ભમાં ૩૩ જિલ્લાની ઓછામાં ઓછી ૩૩ એન. જી. ઓ તૈયાર કરવા તેમેજ ટ્રેનિંગનું કામ માટી કામ સંસ્થાને બદલે નિગમ પોતાના દ્વારા કરવામાં આવે તેવું સૂચન કર્યુ હતું.

**૬૮.** સમિતિએ તાલીમ આપનાર ઉકત એન. જી. ઓ.માં જે – તે હસ્તકલાની વસ્તુઓ બનાવવામાં પારંગત એવા સ્થાનિક લોકોનો પણ સમાવેશ કરવા સૂચન કર્યું હતું તે સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિના ઉક્ત સૂચનો એન.જી.ઓ. એમ્પેનલ/ નક્કી કરતી માટીકામ સંસ્થાને પહોંચાડવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વધુમાં તેઓએ એન. જી. ઓ. ઉપરાંત એન.આઈ.એફ.ટી (નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી) અને એન.આઈ.ડી. (નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન) મારફતે પણ ટ્રેનિંગ યોજવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

**૬૯.** સમિતિએ બેઠક દરમ્યાન તાલીમ આપનાર એન.જી.ઓ.ની સંખ્યા અને તેને પસંદ કરવાના માપદંડ સંબંધમાં પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ સમિતિને માહિતી મોકલી આપવા ખાતરી આપી હતી જે પાછળથી વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૬ના પત્રથી મોકલી આપવામાં આવેલ છે. (જુઓ **પરિશિષ્ટ–૩**).

**૭૦.** આમ, ઉકત સમગ્ર ચર્ચાને અંતે સમિતિને ઉકત છઠ્ઠા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો સંબંધમાં વિભાગ/નિગમે પગલાં ભરીને આર્ટીજનોના આર્થિક ઉત્કર્ષ માટે તેમજ નિગમની પ્રોડક્ટનું વેચાણ વધારવા બહોળા પ્રમાણમાં એક્ઝિબિશન, વર્કશોપ તથા તાલીમ અંગેની પ્રગતિશીલ કામગીરી કરી હોઈ, સમિતિ આ અંગે સંતોષ વ્યક્ત કરે

છે. આમ, સમિતિની ભલામણો સંબંધમાં વિભાગે મોકલેલા પગલાં પરના પત્રકો તેમજ સમિતિની બેઠકમાં વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રૂબરૂમાં કરેલ મૌખિક રજૂઆત જોતા, વિભાગે/નિગમે પ્રગતિશીલ પગલાં લીધા હોઇ, સમિતિ વિભાગ/નિગમે લીધેલા પગલાઓ અંગે સંતોષ વ્યક્ત કરે છે. સમિતિએ હવે આ બાબતે કંઇ કરવાનું રહેતું નથી. સમિતિ સંબંધિત ભલામણ ફકરો ડ્રોપ કરે છે.

**૭૧.** સમિતિની તપાસ દરમિયાન એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ તથા સંલગ્ન વિભાગોના નાણા સલાહકારશ્રીઓએ સમિતિની બેઠકમાં હાજર રહીને સમિતિને પૂરા પાડેલ માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

**૭૨.** અહેવાલમાં દર્શાવેલ સરકારના વિભાગોના સચિવશ્રીઓ તથા જાહેર સાહસોના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા અને સમિતિને તેના કામકાજમાં આપેલ સહકાર/માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

**૭૩.** ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૦૯/૦૯/૨૦૨૬**

**રમણલાલ વોરા**
**પ્રમુખશ્રી,**
**જાહેર સાહસો માટેની સમિતિ.**

## પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના આઠમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણ/અવલોકનનો સારાંશ

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ/અવલોકનનો સારાંશ |
|---|---|---|
| ૧ | ૧૯ | પગલાં પરના પત્રકોની ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિને જણાયું હતું કે, ઉક્ત બાબત ઘણા વર્ષોથી પડતર હોવા છતા તેનો નિકાલ લાવી શકાયો નથી. અગાઉ પણ ઉક્ત બાબત સંબંધમાં ઘણી ચર્ચાઓ અને ભલામણ થઈ ચૂકી હોય તેમ જ નામદાર કોર્ટ જે પ્રમાણે મુદ્દત આપી રહી છે તે મુજબ ઉક્ત કેસની કાર્યવાહીમાં વિભાગ તથા નિગમ રસ લઈ રહ્યા હોય એવું સમિતિને જણાતા, સંતોષ વ્યક્ત કરી કોર્ટમાં થયેલ કાર્યવાહીની ક્રમશઃ વિગતોની તેમજ આગળ ઉપર જે કંઈ આખરી નિર્ણય આવે સમિતિને તેની જાણ કરવાની શરતે સમિતિએ ઉક્ત ભલામણ ફકરો ડ્રોપ કર્યો છે. |
| ૨ | ૫૫ | ઉક્ત સમગ્ર ચર્ચાને અંતે સમિતિ નિગમમાં ઓ.ટી.એસ. યોજના થકી બાકી વસૂલાતને ક્રમશ: પૂર્ણ શકાય તેમ હોઈ, ઓ.ટી.એસ. યોજના અંગે ત્રણ માસમાં નિર્ણય કરવા તથા વિભાગ/સરકાર દ્વારા કરવામાં આવેલ નિર્ણયની સમિતિને જાણ કરવા સમિતિ પુન: ભલામણ કરે છે. |

## (પરિશિષ્ટ–૧)

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૩/૦૮/૨૦૨૬ના રોજના પત્ર ક્રમાંક: વસપ/૧૧/૨૦૨૫/૧૧/ગ થી મોકલાવેલ વધારાની માહિતીનો સારાંશ**

# કોર્પોરેશનનું નાણાંકીય પરફોર્મન્સ

**GUJARAT STATE WAREHOUSING CORPORATION (Rs. in Crores)**

| SR NO | F.Y YEAR | TURNOVER | PROFIT BEFORE TAX | PROFIT AFTER TAX | INCOME TAX PAID | Audited/Provisional |
|---|---|---|---|---|---|---|
| 1 | 2013-2014 | 9.45 | 2.51 | 1.38 | 1.13 | Audited |
| 2 | 2014-2015 | 16.21 | 6.44 | 3.91 | 2.53 | Audited |
| 3 | 2015-2016 | 6.04 | -0.6 | -0.4 | 0.2 | Audited |
| 4 | 2016-2017 | 14.49 | 2.5 | 1.2 | 1.3 | Audited |
| 5 | 2017-2018 | 106.15 | 27.8 | 16.61 | 11.19 | Provisional |
| 6 | 2018-2019 | 206.44 | 92.77 | 65.91 | 26.87 | Provisional |
| 7 | 2019-2020 | 161.48 | 81.67 | 58.3 | 23.37 | Provisional |
| 8 | 2020-2021 | 161.48 | 94.78 | 66.21 | 28.57 | Provisional |
| 9 | 2021-2022 | 122.97 | 54.98 | 39.16 | 15.82 | Provisional |
| 10 | 2022-2023 | 162.48 | 69.33 | 49.31 | 20.02 | Provisional |
| 11 | 2023-2024 | 111.31 | 51.04 | 37.8 | 13.24 | Provisional |
| 12 | 2024-25 | 125.02 | 54.35 | 39.89 | 14.46 | Provisional |
| | **TOTAL** | **1203.52** | **537.57** | **379.28** | **158.7** | |

નોંધ : ૨૦૨૫-૨૬ ના હિસાબોની કામગીરી ચાલુમાં છે.

Accounts Officer
Gujarat State Warehousing Corporation
Ahmedabad

# (પરિશિષ્ટ–૨)

| New Land (Purchased After 01-01-2020) | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr No. | Dist. Name | Center Name | Area Land (Sq. mtr.) | Available Godowns | Jantri Rate | Total Paid Amount | Date of Purchase of land | Revise Mulyankan Letter Date | Revise Mulyankan Rate | Total Amount to be paid | diffrence amount to be paid | Difference Amount Paid Date | diffrence % | Remarks |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| | | | | | | | | | | | | | | |
| 1 | AHMEDABAD | BAVLA | 10,649 | - | 2350 | 2,52,75,402 | 30-05-2022 | ° | | | | | | |
| 2 | AMRELI | CHITTAL | 45,854 | 33 | 630 | 2,91,76,900 | 31-07-2021 | | | | | | | |
| 3 | AMRELI | AADSANG | 38,530 | 10 | 240 | 92,47,200 | 25-11-2021 | 04-12-2024 | 1485 | 5,72,17,050 | 5,92,88,164 | 20-06-2026 | 641.15% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 4 | AMRELI | DEVLA | 18,419 | 5 | 390 | 71,83,410 | 11-10-2022 | 27-10-2023 | 775 | 1,42,74,725 | 78,45,805 | 17-09-2025 | 109.22% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 5 | AMRELI | PITHDIYA | 45,250 | 12 | 444 | 2,00,91,000 | 22-08-2022 | 19-04-2025 | 735 | 3,32,58,750 | 1,72,12,357 | 17-09-2025 | 85.67% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 6 | AMRELI | CHAVAND | 23,050 | 9 | 300 | 69,84,150 | 12-09-2022 | | | | | | | |
| 7 | ARAVALLI | LIMBHOI | 29,000 | 11 | 488 | 1,42,93,520 | 22-07-2021 | | | | | | | |
| 8 | ARAVALLI | BHUTAWAD | 28,144 | 3 | 267 | 99,84,690 | 18-09-2021 | | | | | | | |
| 9 | ARAVALLI | RAHIYOL | 50,000 | 4 | 280 | 1,44,44,200 | 01-10-2021 | | | | | | | |
| 10 | BANASKANTHA | ANDHARIYA | 50,000 | 1 | 330 | 1,66,65,000 | 26-08-2021 | | | | | | | |
| 11 | BANASKANTHA | DHANALI | 20,000 | 1 | 400 | 84,72,000 | 24-08-2021 | | | | | | | |
| 12 | BANASKANTHA | MUDETHA | 4,200 | 1 | 358 | 16,22,112 | 24-09-2021 | | | | | | | |
| 13 | BANASKANTHA | ZANZARVA | 16,188 | 1 | 278 | 49,00,111 | 24-09-2021 | | | | | | | |
| 14 | BANASKANTHA | RANPUR | 12,141 | | 320 | 1,81,92,362 | | | | | | | | |
| 15 | BHAVNAGAR | LOYANGA | 75,051 | 10 | 240 | 1,80,12,240 | 26-08-2021 | 13-07-2023 | 507 | 3,80,50,857 | 2,02,39,004 | | 112.36% | નાણાં ભરવા આખરી હુકમ થયેલ નથી. |
| 16 | BHAVNAGAR | MOTA- ASARANA | 40,000 | 10 | 608 | 2,45,63,200 | 23-08-2021 | | | | | | | |
| 17 | BHAVNAGAR | TIMBI | 42,641 | 15 | 375 | 1,61,50,279 | 26-08-2021 | | | | | | | |
| 18 | BHAVNAGAR | KUMBHAN | 15,000 | 10 | 232 | 35,14,800 | 31-12-2021 | | | | | | | |
| 19 | BOTAD | SARVA | 30,626 | 13 | 215 | 66,50,436 | 16-12-2021 | | | | | | | |
| 20 | BOTAD | MANDVA | 10,000 | 7 | 520 | 52,00,000 | 22-12-2021 | 02-08-2022 | 767 | 76,70,000 | 30,90,804 | | 59.44% | જમીનનાં નાણાં ભરવા ચેક તૈયાર કરેલ પરંતુ મહેસુલ વિભાગની મંજુરી બાદ ચેક સ્વીકારશે તેમ જણાવેલ જેથી ચેક પરત કરેલ છે. |
| 21 | CHHOTA UDEPUR | AKHTYARPUR | 8,000 | 0 | 93 | 7,44,000 | 18-11-2021 | | | | | | | |
| 22 | CHHOTA UDEPUR | TANDALJA | 10,000 | 1 | 111 | 11,10,000 | 18-11-2021 | 29-11-2023 | 1632 | 1,63,20,000 | 2,14,33,475 | 17-09-2025 | 1930.94% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 23 | CHHOTA UDEPUR | LOTIYA | 50,000 | 3 | 102 | 51,00,000 | 22-11-2021 | 03-06-2025 | 2725 | 13,62,50,000 | 13,11,50,000 | | 2571.57% | અડધી જમીન પરત કરવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| 24 | DEVBHUMI DHWARKA | TATHIYA | 1,00,000 | 15 | 185 | 1,86,85,000 | 12-08-2021 | | | | | | | |
| 25 | DEVBHUMI DHWARKA | BAMNASA | 50,000 | 10 | 245 | 1,23,72,500 | 07-09-2021 | | | | | | | |
| 26 | GIR SOMNATH | GORAKHMADHI | 39,369 | 23 | 568 | 2,84,00,000 | 12-08-2021 | 18-10-2024 | 1050 | 4,13,37,450 | 1,84,67,419 | 17-09-2025 | 65.03% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 27 | GIR SOMNATH | UMEDPARA | 50,000 | 21 | 340 | 1,70,00,000 | 20-01-2022 | 01-09-2025 | 1200 | 6,00,00,000 | 5,89,20,221 | 20-06-2026 | 346.59% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 28 | JAMNAGAR | CHIRODAMULJI | 30,000 | 5 | 240 | 72,00,000 | 20-11-2021 | 19-07-2024 | 672 | 2,01,60,000 | 1,53,00,000 | 10-11-2025 | 212.50% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 29 | JAMNAGAR | DHARAMPUR | 32,500 | 5 | 406 | 1,31,95,000 | 20-11-2021 | 22-09-2022 | 470 | 1,52,75,000 | 22,75,000 | 17-09-2025 | 17.24% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 30 | JAMNAGAR | MOTI MATALI | 20,000 | 5 | 350 | 70,00,000 | 04-12-2021 | 18-07-2022 | 484 | 96,80,000 | 28,00,000 | 17-09-2025 | 40.00% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 31 | JAMNAGAR | HARIPAR | 50,000 | 5 | 150 | 75,00,000 | 18-10-2021 | 01-04-2022 | 987 | 4,93,50,000 | 4,18,50,000 | | 558.00% | |
| 32 | JAMNAGAR | VERAD | 16,188 | 5 | 525 | 85,83,687 | 29-11-2021 | | | | | | | |
| 33 | JUNAGADH | MENDARDA | 81,747 | 26 | 1475 | 12,20,51,825 | 30-07-2021 | | | | | | | |
| 34 | JUNAGADH | AMARAPUR | 90,000 | 12 | 413 | 3,75,41,700 | 28-07-2022 | | | | | | | |
| 35 | MAHISAGAR | SHAMLA | 12,000 | 0 | 300 | 37,43,400 | 12-08-2021 | | | | | | | |
| 36 | MAHISAGAR | BHATPUR | 30,000 | 5 | 280 | 87,52,500 | 20-07-2022 | | | | | | | |
| 37 | MEHSANA | KHERALU | 7,181 | 1 | 1100 | 79,78,091 | 22-11-2021 | | | | | | | |
| 38 | MORBI | HASANPAR | 40,470 | 33 | 825 | 3,33,87,750 | 12-08-2021 | 06-06-2026 | 4750 | 19,22,32,500 | 16,82,16,590 | | 503.83% | |
| 39 | MORBI | MITANA | 20,235 | 14 | 528 | 1,06,84,080 | 03-08-2021 | | | | | | | |
| 40 | MORBI | SUKHPAR | 40,470 | 20 | 265 | 1,07,24,550 | 03-08-2021 | | | | | | | |
| 41 | NARMADA | Uchad | 20,000 | 1 | 220 | 44,00,000 | 05-08-2021 | 26-07-2023 | 363 | 72,60,000 | 39,08,940 | 17-09-2025 | 88.84% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 42 | PANCHMAHAL | KANKODAKUI | 20,000 | 3 | 225 | 45,45,000 | 18-12-2021 | | | | | | | |
| 43 | PATAN | SIDDHPUR | 5,946 | 1 | 1455 | 86,51,430 | 20-12-2021 | | | | | | | |
| 44 | PATAN | HARIJ | 14,000 | 4 | 855 | 1,19,70,000 | 22-10-2021 | 02-12-2023 | 5400 | 7,56,00,000 | 7,48,90,900 | | 625.65% | |
| 45 | PORBANDAR | TERI | 95,857 | 21 | 238 | 2,28,13,966 | 18-08-2021 | 01-12-2025 | 637 | 6,10,60,909 | 3,93,17,427 | 20-06-2026 | 172.34% | જમીનનાં નાણાં ભરી દીધેલ છે. |
| 46 | RAJKOT | VINCHIYA | 20,235 | 13 | 825 | 1,68,60,814 | 09-09-2021 | | | | | | | |
| 47 | RAJKOT | LILAPUR | 40,470 | 5 | 478 | 2,04,85,995 | 22-11-2021 | | | | | | | |
| 48 | RAJKOT | PITHADIYA | 16,188 | 4 | 538 | 92,22,983 | 22-11-2021 | | | | | | | |
| 49 | RAJKOT | KAGVAD | 11,466 | 12 | 250 | 30,35,624 | 22-11-2021 | | | | | | | |
| 50 | RAJKOT | ARDOI | 14,224 | 10 | 510 | 78,68,574 | 04-12-2021 | | | | | | | |

| Sr No. | Dist. Name | Center Name | Area Land (Sq. mtr.) | Available Godowns | Jantri Rate | Total Paid Amount | Date of Purchase of land | Revise Mulyankan Letter Date | Revise Mulyankan Rate | Total Amount to be paid | diffrence amount to be paid | Difference Amount Paid Date | diffrence % | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| | | | | | | | | | | | | | | |
| 51 | RAJKOT | MADHAPAR | 2,000 | 0 | 3100 | 65,65,800 | 03-09-2022 | | | | | | | |
| 52 | SABARKANTHA | VADALI | 20,000 | 7 | 1725 | 3,48,45,000 | 14-09-2021 | | | | | | | |
| 53 | SABARKANTHA | SAVGADH | 18,700 | 1 | 180 | 33,99,660 | 06-12-2021 | | | | | | | |
| 54 | SABARKANTHA | UMEDNIMUVADI | 39,079 | 13 | 270 | 1,06,56,843 | 25-01-2022 | | | | | | | |
| 55 | SABARKANTHA | ASARODA | 45,497 | 6 | 285 | 1,30,96,311 | 30-06-2022 | | | | | | | |
| 56 | SABARKANTHA | TALOD | 251 | 0 | 2250 | 5,70,966 | 29-03-2023 | | | | | | | |
| 57 | SURENDRANAGAR | THANGADH | 20,000 | 6 | 325 | 65,00,000 | 28-09-2021 | | | | | | | |
| 58 | SURENDRANAGAR | NAVA | 40,470 | 6 | 725 | 2,96,34,158 | 28-09-2021 | | | | | | | |
| 59 | SURENDRANAGAR | BHUGUPUR | 40,000 | 15 | 49 | 19,79,600 | 28-09-2021 | | | | | | | |
| 60 | SURENDRANAGAR | SAYLA | 30,000 | 13 | 650 | 1,95,00,000 | 28-09-2021 | 29-09-2022 | 1550 | 4,65,00,000 | 2,70,00,000 | | 138.46% | લખતરનાં નાણાં તબદીલ કરવા પત્ર લખેલ છે. |
| 61 | SURENDRANAGAR | PATDI | 20,234 | 4 | 900 | 1,82,10,600 | 28-09-2021 | | | | | | | |
| 62 | SURENDRANAGAR | TIKAR | 20,000 | 6 | 253 | 50,60,000 | 18-10-2021 | | | | | | | |
| 63 | SURENDRANAGAR | DHRANGADHRA | 20,235 | 4 | 258 | 52,20,630 | 18-10-2021 | | | | | | | |
| | | | **19,57,755** | **520** | | **88,74,71,049** | | | | | **71,32,06,106** | | | |

## (પરિશિષ્ટ–૩)

**ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજના પત્રક્રમાંક: IMD/RTG/e-file/9/2025/KH-PF1 થી મોકલાવેલ વધારાની માહિતિનો સારાંશ**

- <u>અત્યારે કેટલા એન્જીઓ કામ છે અને કેટલા વર્ષેથી કામ કરે છે ?</u>
  - હાલમાં કુલ ૨૫ એન્જીઓ કામ કરે છે જે નવેમ્બર ૨૦૨૧થી કામ કરે છે.

- <u>એન.જીઓની પસંદગીનો ક્રાઈટેરીયા શુ છે ?</u>

એન.જીઓ પસંદગીની કામગીરી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. દ્વારા કરવામાં આવતી નથી પરંતુ,

1. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા (GMK& RTI)ધ્વારા સંસ્થાઓને એમપેનલ્ડ કરવામાં આવે છે. એમપેનલમેન્ટની પ્રક્રિયા નીચે મુજબ છે :
   - (n) procure પોર્ટલ પર ટેન્ડર કરી સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવેલ છે.
   - આવેલ દરખાસ્તોનું કમિટી દ્વારા પ્રાઈમરી સ્ક્રીનીંગ કરવામાં આવે છે.
   - ત્યારબાદ સંસ્થાઓ પાસેથી ખુટતા ડોક્યુમેન્ટ મંગાવ્યા બાદ પ્રેઝન્ટેશનઝ દ્વારા સંસ્થાઓને માર્કિંગ આપવામાં આવે છે.
   - અને માર્કિંગ આધારે સંસ્થાને કમિટીમાં એમપેનલ્ડ કરવામાં આવે છે.
2. એમપેનલ્ડ થયેલ સંસ્થાઓ પાસેથી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.કચેરી દ્વારા ઈ-મેઈલ દ્વારા દરખાસ્તો મંગાવવામાં આવે છે.
3. આવેલ દરખાસ્તોની ચકાસણી કરી મોનીટરીંગ/રીવ્યુ સમક્ષ મંજુરી અર્થે રજુ કરવા નોડલ એજન્સી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા (GMK& RTI)ને મોકલી આપવામાં આવે છે.
4. નોડલ એજન્સી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા (GMK& RTI)દ્વારા દરખાસ્તોની ચકાસણી કરી દરખાસ્તો મોનીટરીંગ/રીવ્યુ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે છે અને ત્યારબાદ મોનીટરીંગ/રીવ્યુ કમિટી દ્વારા મંજુરી આપવામાં આવે છે.
5. મંજુર થયેલ દરખાસ્તો અંગે સંસ્થાઓ સાથે તાલીમવર્ગ શરૂ કરવા એગ્રીમેન્ટ કરી વર્કઓર્ડર કરવામાં આવે છે.

| Sr. No. | EOI Sr. No. | Agency Name | Date | Time Slot | Contact Person | Address | Mobile Number | Empanelment Status | Email |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 10 | GUJARAT ASSOCIATION FOR RURAL AND URBAN DEVELOPMENT | 03-Oct-25 | 2:00 PM | Atulbhai J. Patel [Managing Director] | M-11, Suman Tower, Sector – 11, “Ch” Road, Gandhinagar, District: - Gandhinagar Pin – 382 011 – Gujarat | 98250 18074 | Qualfied | garudgujarat@gmail.com |
| 2 | 5 | D N POLYTECHNIC EDUCATION TRUST | 03-Oct-25 | 12:15 PM | Vandana Vagh | Deepjyot complex opp. Devi cinema, Naroda, Ahmedabad 382330 | 7041757023 | Qualfied | dnpolytechnic@gmail.com |
| 3 | 18 | MOTIVATION FOUNDATION | 03-Oct-25 | 4:00 PM | Harshad Pravinkumar Solanki | C/22 Shivanand Appartment, Near Umiya Hall, K.K.Nagar Road, Ghathlodia, Ahmedabad 380061 | 9274595550 | Qualfied | motivationfoundation7@gmail.com |
| 4 | 3 | ARPIT MAHILA TRUST | 03-Oct-25 | 11:45 AM | Jignesh Bhayani | New Gujarat Housing M-46/259, Sanala Road , Morbi | 9909924496 | Qualfied | Arpitmahilatrust@gmail.com |
| 5 | 7 | ENTREPRENEURSHIP DEVELOPMENT INSTITUTE OF INDIA | 03-Oct-25 | 12:45 PM | Dr Satya Ranjan Acharya | Bhat, Gandhinagar (Dist) 382 428, Gujarat | 7600050606 | Qualfied | satya@ediindia.org |
| 6 | 21 | REAL EDUCATION TRUST | 03-Oct-25 | 4:45 PM | Kalpana Dhotre | 58, Tribhuvan Nagar, Opposite Akhand Anand School, Ved Road, Surat-395004 | 9712067536 | Qualfied | realnulmproject@gmail.com |
| 7 | 12 | ISWA | 03-Oct-25 | 2:30 PM | KAMLESH SOLANKI | SAI KIRAN COMPLEX NEAR NEW BUS STATION VANSDA 396580 | 9712994335 | Qualfied | mtiswa@gmail.com |
| 8 | 29 | SHREE SANSKAR EDUCATION AND CHERITABLE TRUST | 04-Oct-25 | 12:45 PM | BARAD RAJESH SAMATBHAI | NAMASTE CHAMBER AT:VERAVAL BYPASS VERAVAL | 9099081981 | Qualfied | rajubarad9447@gmail.com |

| Sr. No. | EOI Sr. No. | Agency Name | Date | Time Slot | Contact Person | Address | Mobile Number | Empanelment Status | Email |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 11 | GURUKRUPA SEVA TRUST | 03-Oct-25 | 2:15 PM | DADUJI MADAJI CHAVDA | 22, SHYAM BUNGLOWS, PADAMNATH CROSS ROAD, CHANASMA ROAD, PATAN - 384365 | 9925631902 | Qualfied | gurukrupasevatrust.gst@gmail.com |
| 10 | 9 | GIR PACHHAT JATI VIKAS SEVA SAMITI | 03-Oct-25 | 1:15 PM | HIREN MAKADIYA | BEHIND S.B HIGHSCHOL,MADHUPUR(GIR),TA-TALALA,DIST-GIRSOMNATH,GUJARAT-362150 | 9512340202 | Qualfied | girpachhatjatisevavikassamiti@gmail.com |
| 11 | 24 | SHITAL EDUCATION AND CHARITABLE TRUST | 04-Oct-25 | 11:30 AM | vaibhav shah | 2212/C, NR NIKUNJ SOCIETY, HILL DRIVE, TALAJA ROAD,BHAVNAGAR,GUJARAT,PIN-364001 | 9727608700 | Qualfied | shitalbhv@gmail.com |
| 12 | 16 | MAHILA UTKARSH MANDAL | 03-Oct-25 | 3:30 PM | Darji Alkaben Tejashkumar | First Floor, Shop Number-69 To 71, 84 To 86, Sardar Complex New Market, Siddhpur Char Rasta, Patan, Patan, Gujarat, 384265 | 9904578530 | Qualfied | patanmum9@gmail.com |
| 13 | 37 | UTKARSH EDUCATION SEVA TRUST | 04-Oct-25 | 3:15 PM | CHANDRAKANT S. RAVAT | F-7 SHRADDHA COMPLEX, OPP NAGARPALIKA, MEHSANA | 9924617306 AND 9898115504 | Qualfied | utkarsheducationsevatrust@gmail.com |
| 14 | 20 | NAVYUG EDUCATION AND GRAM VIKAS SOCIETY | 03-Oct-25 | 4:30 PM | Kodiyatar Arjun Raiyabhai | POONAM SOCIETY,CHANDRESHNAGAR,150 RING ROAD,OM NAGAR CIRCLE,RAJKOT-360004 | 9512914814 | Qualfied | HEMALPITHIYA@GMAIL.COM |
| 15 | 35 | SWAPNASIDDHI MAHILA AUDHYOGIK VIVIDHLAKSI SAHAKAR MANDALI LIMITED | 04-Oct-25 | 2:45 PM | Yogini H. Brahmbhatt | 205, Pancham Mall, Jeevanadi, Nikol gam road, Nikol, Ahmedabad. 382350 | 9427632072 | Qualfied | swapnasidhdhimahila@gmail.com |

| Sr. No. | EOI Sr. No. | Agency Name | Date | Time Slot | Contact Person | Address | Mobile Number | Empanelment Status | Email |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | 2 | AITSIL SPV PRIVATE LIMITED | 03-Oct-25 | 11:30 AM | Mr Vasudev K Sadhu | 116-119, Deval GuruKrupa, Opp. Devcity Bunglows, Prasang Party Plot Road, Chandlodia, Ahmedabad 382481 | 9879793076 | Qualfied | vasudevsadhu@aitsil.com |
| 17 | 38 | VISHVAKARMA EDUCATION TRUST | 04-Oct-25 | 3:30 PM | SUTHAR KIRANKUMAR HASMUKHLAL | At & Post-Ratanpur (Kantadi), Ta-Godhra, Dist. Panchmahals-388710 | 7600299728 | Qualfied | edu.vishvakarma@gmail.com |
| 18 | 8 | GAYATRI DEVELOPMENT AND FOUNDATION | 03-Oct-25 | 1:00 PM | Barad Hamirbhai Samatbhai | VANTHALI ROAD JUNAGADH | 9662025928 | Qualfied | hamirbarad1@gmail.com |
| 19 | 30 | SHREE SARDAR JAN KALYAN MAHILA VIKAS TRUST | 04-Oct-25 | 1:00 PM | Mr. Hasumatiben Patel | At. Jetalvasana, Ta. Visnagar, Di. Mehsana, Nr. Veer Maharaj Temple | 9033582831 | Qualfied | saradarjkmvt2002@gmail.com |
| 20 | 4 | ATMAN FOUNDATION | 03-Oct-25 | 12:00 PM | Hiteshkumar Ravjibhai Patel | At. Gadhada(swa) , Plot – 50 Gopinath Bunglows, Behinf Vrej Vihar Society, Botad Road. Taluka. Gadhada. Dist Botad 364750 | 9427949494 | Qualfied | atmanfoundation94@gmail.com |
| 21 | 27 | SHREE MAN MANDIR EDUCATION TRUST | 04-Oct-25 | 12:15 PM | Bhavin Galoriya and Piyush Parmar | Alpha One Complex, Office No.411, 4th Floor, Nr. Ambedkar Chowk, 150 feet ring road Rajkot Gujarat. 360004 | 9033333019, 9409731768 | Qualfied | bhavin.smet@gmail.com |
| 22 | 23 | SAHKAR FOUNDATION | 04-Oct-25 | 11:15 AM | Mavani Bhaveshkumar Bhupatbhai | D 11 401 OPERA PALACE KHOL VAD KAMREJ SURAT 394190 | 9537116906 | Qualfied | Sahkarfoundation22@gmail.com |
| 23 | 22 | SAHELI MAHILA SANGATHAN | 03-Oct-25 | 5:00 PM | Nitaben N. Thacker | 1st Floor, Aashapura Complex, Near Aashapura Temple, Bhuj – Kachchh, 370001 | 84695 92856 | Qualfied | sahelimahilasangathan@gmail.com |

| Sr. No. | EOI Sr. No. | Agency Name | Date | Time Slot | Contact Person | Address | Mobile Number | Empanelment Status | Email |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | 39 | VISTAR | 04-Oct-25 | 3:45 PM | CHETAN SADHU | B 1002 SIDDHRAJ ZOEY RANDESAN NR RANDESAN METRO STATION GANDHINGAR 382007 | 9879480878 | Qualfied | vistarindia2014@gmail.com |
| 25 | 34 | Swami Vivekanand Seva Trust | 04-Oct-25 | 2:30 PM | RAMESHPURI GOSWAMI | F-121, TIRUPATI BAZAR, SIDDHPUR CROSS ROAD, PATAN 384265 | 9909466259 | Qualfied | svstm2000@gmail.com |